# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમા

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ :૧૭-૧૧-૨૦૨૪ રવિવાર** **સમય: સાંજે : ૬:૨૫**

## મુખ્યમંત્રી દ્વારા ગ્રામીણ મ્યુઝિયમનું ઉદઘાટન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધંધૂકાના આકરૂ ગામે વિરાસત એક અનોખું ગ્રામીણ મ્યુઝિયમનું ઉદઘાટન કર્યુ હતું..ધંધુકા તાલુકાના આકરૂ ગામે સાંસ્કૃતિક વારસાનું અદભૂત સંગ્રહાલય તૈયાર કરાયું છે... પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ દ્વારા આ મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે..

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક રાજકીય અને સામાજીક આગેવનો આ સંગ્રહાલયના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા.. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા તેમજ વજુભાઈ વાળા, સહિત અનેક રાજકીય, સામાજિક અગ્રણીઓ પણ આ કાર્યક્રમાં ઉપસ્થિત રહ્યાં હતાં.. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સંગ્રહાલયની સાથેસાથે 246 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત પણ મુખ્યમંત્રીના હસ્તે કરાયું હતું.

RNU AHMDAVAD

---

## ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબિનની ખરીદી શરૂ કરવામાં આવી છે.. આ શરૂ કરાયેલી ખરીદીના ભાગરૂપે કચ્છમાં કુલ 3 હજાર 936 ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે ભુજ, અંજાર, રાપર, અબડાસા, માંડવી અને ભચાઉ ખાતેનાં સેન્ટર પરથી એક મણના બે હજાર 716 રૂપિયાના ભાવે 107 મેટ્રિક ટન મગફળીની ખરીદી કરવામાં આવી છે.

ભારત અને રાજ્ય સરકારના માધ્યમથી અને ઈન્ડિયા ગ્રો ઉત્પાદક કંપનીના સહયોગે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબિનની ખરીદી કરવાનો નિર્ણય કરાયા બાદ કચ્છના 10 તાલુકામાંથી 3 હજાર 936 ખેડૂતે ટેકાના ભાવે મગફળી, અડદ, મગ અને સોયાબિન વેચવા રજિસ્ટ્રેશન કરાવ્યું છે,

જેમાં અંજાર તાલુકામાં 842, ભુજ તાલુકામાં 810, માંડવીમાં 603, રાપર તાલુકામાં 725, ભચાઉમાં 325, અબડાસામાં 364, નખાત્રાણા 178, લખપત 51, મુંદરા 37 અને ગાંધીધામમાં  એક ખેડૂતનો સમાવેશ થાય છે.

RNU AHMDAVAD

## યોગ બોર્ડ દ્વારા શિબિર નું આયોજન

ગુજરાત યોગ બોર્ડ દ્વારા ગાંધીધામ ખાતે કચ્છના  તમામ લોકોને ડાયાબિટીસના રોગથી મુક્ત કરવાના માટે યોગ શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. ગોપાલપુરી સ્ટાફ ક્લબ ખાતે યોગ બોર્ડના ચેરમેન  શિશપાલજીના માર્ગદર્શન હેઠળ વહેલી સવારે યોય શિબિરનો આરંભ કરાયો હતો.જેમાં લોકોને અપીલ કરતા કહેવાયું હતું કે, પ્રાકૃતિક ચિકિત્સા દ્વારા દરેક બીમારીઓથી બચી શકાય છે. યોગ બોર્ડ દ્વારા આયોજિત કરવામાં આવતી રોગમુક્ત થવાની યોગ શિબિરનું આયોજન લોકોને ઉપયોગી સાબિત થશે, તેવી લાગણી વ્યક્ત કરવા માં આવી  હતી.

ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાનમાં વધુમાં વધુ લોકોને જોડાવા આ શિબિર માં અનુરોધ કરાયો હતો. ડાયાબિટીસ શું છે, તેના પ્રકારો, ડાયાબિટીસ થવાના કારણો,  લક્ષણો અને મુક્તિ માટે જરૂરી ઉપાયો, પ્રાકૃતિક આહાર,  જીવનશૈલીમાં પરિવર્તન  લાવવા સહિતની બાબતો ઉપર વિશેષ પ્રકાશ પાડવા માં આવ્યો હતો. યોગ કો-ઓર્ડિનેટર  અને સિનિયર યોગ કોચ  દ્વારા પ્રાણાયામની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.  આરંભમાં મહેમાનો અને શિબિરમાં જોડાયેલા તમામ શિબિરાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.  ડાયાબિટીસને હરાવવા માટે પ્રધાનમંત્રી  નરેન્દ્રભાઈ  મોદી દ્વારા જે અભિયાન આદરાયા છે, તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

રાજ્યના દરેક જિલ્લામાં 45 સ્થળે તા. 28મી નવેમ્બર સુધી શિબિરનું આયોજન કરાયું હોવાનું જણાવાયું હતું. લોકોને ચિકિત્સકની સલાહ મુજબ જ્યુસ આપવામાં આવ્યા હતા. આયોજનમાં આરોગ્ય વિભાગની ટીમ, સહયોગી બની હતી.

તૌફીક સમાં

---

## ગૃહ રક્ષક દલ દ્વારા રમતોસ્વ યોજાયો.

પૂર્વ કચ્છ પોલીસના જિલ્લા ગૃહ રક્ષક દળ દ્વારા રમતગમત સંકુલ ખાતે જિલ્લાકક્ષાનો રમતોત્સવ યોજાયો હતો, જેમાં જુદા-જુદા યુનિટમાંથી અંદાજિત 100 જવાને ભાગ લીધો હતો. જિલ્લા કમાન્ડન્ટ ભૂમિત વાઢેરની અધ્યક્ષતામાં યોજાયેલા આ રમતોત્સવમાં દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક, રસ્સા ખેંચ, કબડ્ડી, વોલીબોલ વગેરે રમતોમાં ઉત્સાહભેર જવાનોએ ભાગ લીધો હતો, વિજેતા ખેલાડીઓને ઉપસ્થિતોના હસ્તે પ્રમાણપત્રો અને શિલ્ડ અપાયા હતા. જિલ્લા કમાન્ડન્ટ શ્રી વાઢેરે જણાવ્યું હતું કે, ગૃહરક્ષક દળ શિસ્ત અને સેવાને લઈને હંમેશાં કામ કરે છે, જેથી તમામ જવાનોએ કેમ્પો, બંદોબસ્ત, પરેડ અને ફરજો માટે સચેત રહેવું જરૂરી છે.

તૌફીક સમાં

---

## ધોળાવીરા અને ધોરડો ત્રિદિવસીય સત્સંગ શિબિર

મણિનગર ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, ભૂજ - કચ્છ આયોજીત શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત ધોળાવીરા અને ધોરડો ત્રિદિવસીય સત્સંગ શિબિરનો પ્રારંભ કરાયો.શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ, પૂજનીય સંતો અને વિશાળ હરિભક્તો સહ ધોળાવીરા પધાર્યા હતા. અહીં ધોળાવીરા હડપ્પીય સંસ્કૃતિનું દર્શન વગેરેની માહિતી પ્રાપ્ત કરી હતી.

તૌફીક સમાં

---

## સોરઠીયા આહીર સમાજ સમૂહ લગ્ન

શિણાયમાં વૃંદાવન વાડીમાં યદુવંશી સોરઠીયા આહિર સમાજ દ્વારા 27મો સમુહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં 12 યુગલે પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ સાથે હલ્દી, મહેંદી, સંગીત સંધ્યા, દાંડીયારાસ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

લગ્નની શરૂઆત જૂની પરંપરા મુજબ કરવામાં આવી હતી. આ સાથે આવનારા 6 વર્ષના દાતાઓ પણ નોંધવામાં આવ્યા હતા. નવદંપતીઓને 140 દાતા દ્વારા ભેટ-સોગાદ સાથે સન્માનીત કરવામાં આવ્યા હતા.

તૌફીક સમાં

---

## ખેડૂતોની ફાર્મેર આઈ ડી

એગ્રીસ્ટેક-ફાર્મેર રજીસ્ટ્રી અંતર્ગત પ્રચાર-પ્રસાર અને ખેડૂત નોંધણી માટે જાગૃતતા બાબતે તા. 25/1નવેમ્બર સુધી ગામોના ક્લસ્ટર બનાવી કેમ્પ યોજાશે જેમાં ખેડૂતોને આધાર આઈડીની જેમ જ ફાર્મેર આઈ.ડી મળશે.

તૌફીક સમાં

---